SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-4, July-Aug-Sept. : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# રાગમાંથી ત્યાગ તરફ ગતિ કરતી નવલકથા : 'કથા સતીશાનંદની'

*ડૉ. કૌશિકકુમાર એલ. પંડ્યા*

**સારાંશ:** સર્જક શાંતિલાલ મેરાઈએ પ્રસ્તુત નવલકથામાં એક સંસાર ત્યાગીને સાધુ બની ગયેલા નવયુવાન શિક્ષકના ઉત્કટ રાગમાંથી ઉત્કટ ત્યાગમાં પરિણમતી જીવન—સ્થિતિને આત્મકથનાત્મક શૈલીમાં આલેખી છે. રાગમાંથી ત્યાગ તરફ ગતિ કરતી આ નવલકથાના કેન્દ્રમાં યુવાન શિક્ષક સતીશ ભગત અને વિજાતીય આકર્ષણનો ભોગ બનેલ તેનું મન છે. આ પ્રકારનું આકર્ષણ સહજ છે, પરંતુ તેની તીવ્રતા માનવીના મનને દૂષિત કરીને ક્યાં અને કેવું વર્તન કરાવવા વિવશ કરે છે તેનું એક મનોવૈજ્ઞાનિક અભિગમથી, અહીં, આલેખન થયું છે.

**ચાવીરૂપ શબ્દો:** મનોવૈજ્ઞાનિક નવલકથા, ગુજરાતી નવલકથામાં રાગનિરૂપણ.

***

"લખવાના સાધનરૂપ ડાયરી મળી અને લખવાની પ્રેરણારૂપ આ શબ્દો મળ્યા અને આ શાંતિભાઈએ તા. ૨૯-૩-૬૮થી નવલકથા લખવાની શરૂઆત કરી ત્યારે હું કુંવારો હતો. પૂરી થઈ ત્યારે પરણી ગયો હતો. પ્રગટ થઈ રહી છે ત્યારે હું ત્રણ સંતાનોનો પિતા છું અને એક દોહિત્રનો નાનો છું.''

"પાંચ પચીસ માણસો જાણે તો ખરાં કે ભાઈ, શાંતિભાઈ મેરાઈએ પણ જીવનમાં એક નવલકથા લખી હતી. બસ આ માયાના પ્રતાપે આ દુ:સાહસ કર્યું."

'કથા સતીશાનંદની' નવલકથાના લેખન અને પ્રકાશન વચ્ચે, ભલે, સાડાત્રણ દાયકાનો ગાળો રહ્યો, પરંતુ સર્જકની યુવાવયે લખાયેલી આ કૃતિમાં નિર્દિષ્ટ એવીવિષયસામગ્રી આજના યુવાન માનસ સંદર્ભે એટલી જ સાચી છે.

સર્જક શાંતિલાલ મેરાઈએ પ્રસ્તુત નવલકથામાં એક સંસાર ત્યાગીને સાધુ બની ગયેલા નવયુવાન શિક્ષકના ઉત્કટ રાગમાંથી ઉત્કટ ત્યાગમાં પરિણમતી જીવન—સ્થિતિને આત્મકથનાત્મક શૈલીમાં આલેખી છે. રાગમાંથી ત્યાગ તરફ ગતિ કરતી આ નવલકથાના કેન્દ્રમાં યુવાન શિક્ષક સતીશ ભગત અને વિજાતીય આકર્ષણનો ભોગ બનેલ તેનું મન છે. આ પ્રકારનું આકર્ષણ સહજ છે, પરંતુ તેની તીવ્રતા માનવીના મનને દૂષિત કરીને ક્યાં અને કેવું વર્તન કરાવવા વિવશ કરે છે તેનું એક મનોવૈજ્ઞાનિક અભિગમથી, અહીં, આલેખન થયું છે. કૃતિનાં બત્રીસ પ્રકરણોમાંથી પસાર થઈએ છીએ ત્યાર સહેજેય લાગે છે કે સર્જકે પસંદ કરેલ વિષય, આલેખનરીતિ, અભિગમ પરસ્પરને માટે કેવાં ઉપકારક બની રહે છે. કથાનાયકના રાગથી ઉભરાતા મનને તાદ્દશ કરવા આત્મકથનાત્મક નિરૂપણરીતિની પસંદગી પણ યોગ્ય છે. આ ઉપરાંત સર્જકે કથાનાયકની પ્રશ્નાકુલ દશાને તથા શારીરિક તૃપ્તિ માટેની ઝંખનાને ઉપસાવવા પત્ર, સ્વપ્ન, સંવાદ, આત્મોક્તિ કે સ્વગતોક્તિ જેવી પ્રયુક્તિ (Device)ઓને પણ પ્રયોજી છે. ફ્રોઈડિયન વિચારધારાના પ્રભાવને વચ્ચે ન લાવીએ તો પણ અહીં પસંદ કરાયેલો વિષય નવલકથાક્ષમ છે

નવલકથામાં ઘટનાનો ક્રમિક વિકાસ થયો હોવા છતાં સમગ્ર નવલકથાનું ઉદ્‌ભાવક પરિબળ અંતિમ પ્રસંગ છે. સર્જકે નવલકથાના અંતે સતીશાનંદ અને તેની પૂર્વાશ્રમની પ્રિયતમા અસ્મિતાની મુલાકાતનો પ્રસંગ યોજ્યો છે. સતીશાનંદના સંસારત્યાગમાં પોતાને નિમિત્ત માનીને અપરાધભાવ અનુભવતી અને સંસારત્યાગ કરવાની ઈચ્છા પ્રગટ કરતી અમિતાને ઈચ્છાવર શોધી સંસાર માંડવાનું કહેતા સતીશાનંદને અમિતા કહે છે : 'હું સ્ત્રી છું. સહન મારે જ કરવાનું છે સ્વામી. રજા આપો તમારી ઈચ્છા પૂરી કરીશ.' આ શબ્દોસતીશાનંદના હૃદયને વલોવી નાખે છે. પુરુષ સંસારમાંથી કંટાળે છે ત્યારે સંસારનો ત્યાગ કરે છે, પરંતુ સ્ત્રી ક્યાં જાય ? મને-કમને તેને અનિચ્છનીય સંસાર વેંઢારવો પડે છે. આ સંદર્ભમાં સતીશાનંદ કહે છે :

"અમિતા ગઈ, મારા હૃદયને વલોવતી ગઈ. એ વલોવાતા હૃદયને ઠારવા મેં આ કથા લખવાનો આરંભ કર્યો. આજે આ કથા હું પૂરી કરું છું ત્યારે મારા એક અધ્યાપકે કહેલા આ શબ્દો મને યાદ આવે છે : 'Strange are the ways of destiny. મારે ખરેખર તેવું જ બન્યું ને ? અમિતા સાથે એક રસિક સંસારી બનવા ઈચ્છતો હું એક સંસારી ત્યાગી સાધુ બની ગયો. જીવનમાં આવતા વળાંકોને પામવા, વિધિના ન્યારા રાહોને પિછાનવા ખરેખર મુશ્કેલ કામ છે." (પૃ.૧૬૯)

સતીશાનંદ પોતાની વેદનાથી વલવલતા હૃદયને શાંત પાડવા માટે પોતાના જીવનપ્રસંગોને આલેખતી કથા લખે છે. એ દૃષ્ટિએ જોઈએ તો નવલકથાનો અંશ જ નવલકથાના લેખનનું નિમિત્ત બન્યો છે.

માધવાનંદજી મહારાજના પ્રિય શિષ્ય તરીકે પ્રસ્થાપિત થયેલા સતીશાનંદજીના પૂર્વાશ્રમમાં એવી કઈ કઈ ઘટનાઓ ઘટી હતી જે તેમને સંસારત્યાગના માર્ગે દોરી ગઈ ? સતીશાનંદ પોતાના જીવનયાત્રાના મહત્ત્વના મુકામોને યાદ કરે છે ત્યારે તેની વિદ્યાર્થી અવસ્થાનું સ્મરણ થાય છે. નવલકથાનો આરંભ બી.એ.ના પરિણામની પ્રતીક્ષા કરતા સતીશ ભગતના તર્કવિતર્કથી ઉભરાતા મનના આલેખનથી થાય છે. સર્જકે તેમની સર્જકપ્રતિભાથી નવલકથાની વસ્તુને સંકલિત કરી છે. એકથી નવ પ્રકરણોમાં સતીશના બી.એ. થયા પછીની કારકિર્દી માટે તેમણે શિક્ષક થવાના લીધેલા નિર્ણયને તથા ત્રણેક

સ્કૂલોમાં આપેલા ઈન્ટરવ્યૂની ઘટનાને આલેખવામાં આવી છે. દશથી ઓગણીસ પ્રકરણો સતીશ ભગતની શિક્ષક તરીકેની કારકિર્દીના આરંભના દિવસો, તેમની શિક્ષણનિષ્ઠા, તેમના સુંદર ચહેરાવાળી વિદ્યાર્થિનીઓ પ્રત્યેના તીવ્ર વિજાતીય આકર્ષણના આલેખનમાં રોકાયાં છે. આ પ્રકરણોમાં કેન્દ્રસ્થ પાત્ર કાલિંદીના મુક્ત અને નિખાલસ હાસ્યને કારણે સતીશના મનમાં તેના વિશે ગેરસમજણ જન્મે છે. તેના ઘેર ટ્યૂશન માટે જાય છે. ભણાવતાં ભણાવતાં સતીશનું મન તેના શારીરિક સૌંદર્યને ભોગવવા લલચાય છે. તે પોતાનો પ્રેમ કાલિંદીને પત્ર લખીને પ્રગટ કરે છે, પરંતુ કાલિંદી ગંભીર બનીને તેની ગેરસમજણ દૂર કરતા પ્રત્યુત્તર આપે છે. કાલિંદી તો સતીશને પોતાનો મોટોભાઈ માનતી હતી. તેને તેમના પ્રત્યે આદરભાવ હતો. આ રીતે કાલિંદીનો પત્ર સતીશ ભગતના એકપક્ષીય આકર્ષણને અટકાવે છે. સતીશ એ રીતે કાલિંદી પ્રત્યેના વિજાતીય આકર્ષણને રોકે છે. સર્જકે દસેક પ્રકરણમાં સતીશના મનમાં ઉદ્‌ભવતા sexual ભાવને નિ:સંકોચ છતાં સંયમિત ભાષામાં અનાવૃત્ત કરવાના પ્રયાસ કર્યા છે :

"ભણાવતી વખતે મારાથી કાલિંદીની ભૂરી આંખો તરફ તાકી રહેવાતું. એનાં વિકસતાં સ્તનો ઉપર મારી નજર ચોંટી રહેતી, એના વાળમાંહાથ ફેરવવાની ઈચ્છા જન્મતી, કોઈક વાર એને આખીને આખી બાથમાં સમાવી લેવાની વૃત્તિ જાગતી." (પૃ.૬૭-૬૮)

"ભણાવતી વેળા કાલિંદીના પુષ્ટ શરીર પર મારું મન વારંવાર મોહિત થઈ જતું હતું. શરીરસ્પર્શનો લાભ લેવા ઊર્મિઓ ચંચળ બની જતી હતી. કાબૂ મેળવવાની મારી કોશિશ ઝાઝી કામિયાબ બનતી નહોતી. હું કોઈને કોઈ તરકીબ વડે કાલિંદી ખાસ ન સમજે તેમ એના શરીરસ્પર્શનો લાભ એક યા બીજા પ્રકારે લેવાનું ચૂકતો નહીં." (પૃ.૭૪)

"સ્ત્રીઓના જ વિચારોમાં મન સતતપણે રત રહેતું. કોઈ રૂપાળી યુવતીની સુંદર જાંઘો, ડોલતાં નિતંબો કે પુષ્ટ સ્તનો નિહાળી મન બેકાબૂ બની જતું અને સ્ત્રી ઉપર અનાચાર આચરવાની વૃત્તિ થઈ આવતી." (પૃ.૯૦)

સતીશ ભગતના મનમાં છૂપાયેલી વૃત્તિઓને ઉછાળવામાં કાલિંદી નિમિત્ત બની, પરંતુ તેના પ્રેમ અંગેના ખુલાસા પછી પણ સતીશના મનમાંથી વિજાતીય આકર્ષણના વવાયેલા બીજ બળવાને બદલે પાંગરવા લાગ્યાં. આ પાંગરતાં બીજને કારણે સતીશના મનમાં સ્ત્રીની ઝંખના જન્મી. આ કારણે તેમનાં વાણી, વ્યવહાર અને વર્તનમાં જે પરિવર્તન આવ્યું તેનો નિર્દેશ કરતી કેટલીક ઘટનાઓના આલેખન વીસથી ચોવીસ સુધીના પ્રકરણમાં કરવામાં આવ્યું છે. આ પ્રકરણોમાં સતીશ બે લગ્નસમારંભમાં હાજરી આપે છે અને રમા તથા ઉષા નામની યુવતીના પરિચયમાં આવે છે. મિત્ર અશોકના લગ્નમાં રમા નામની યુવતી પર સતીશનું મન ઠરે છે, પરંતુ રમા તેની ઉપેક્ષા કરે છે અને અશોકને સતીશના અભદ્ર વર્તન વિશે ફરિયાદ પણ કરે છે. એ રીતે સતીશને તેના પ્રત્યેના આકર્ષણમાં પાછું પડવું પડે છે. એ પછી બીજા સંબંધીના લગ્નમાં ઉષા નામની યુવતી સાથે વાતો કરતાં સતીશનું મન લલચાય છે. પરંતુ ઉષા પરિણીત યુવતી હતી તેવું જાણવા મળે છે. આમ કાલિંદી, રમા, ઉષા જેવી યુવતીઓ પ્રત્યેના એકપક્ષીય આકર્ષણથી પીડાતો સતીશ નિષ્ફળતાનો ભાવ અનુભવે છે. સર્જકે સતીશના મનમાં આવતી સેક્સવૃત્તિની ભરતીને પણ સતીશના ફોકલૅન્ડ રોડ પરના ભ્રમણ દ્વારા ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે. અંતે પચીસ-છવીસ એમ બે પ્રકરણોમાં સતીશના લગ્ન માટેના પ્રયત્નોને આલેખ્યા છે. આ પ્રયત્નોમાં પણ તે નિષ્ફળ જાય છે. અરુણા સાથે મુલાકાત થાય છે. તે મનમાં વસી પણ જાય છે, પરંતુ પોતાને ત્રણેક વર્ષ અભ્યાસના બાકી છે તેમ કહીને તે લગ્નની 'ના' પડાય છે. એ પછી રેખા, ઊર્મિલા, ટીના, રસીલા વગેરે તેની પસંદગીના માપદંડમાં આવતી નથી. સર્જકે સતીશ ભગતના, એક બાજુ, તીવ્ર રાગથી ઊભરાતા મનને અને બીજી બાજુ તેમના જીવનમાં એક પછી એક આવતી યુવતીને આલેખી છે. આટઆટલી યુવતીઓના સંપર્કમાં આવ્યા પછી પણ સતીશ ભગતની સ્ત્રીઝંખના અતૃપ્ત જ રહે છે.( પૃ.134)

અંતે સતીશને અમિતા નામની વિદ્યાર્થિનીનો પરિચય થાય છે. અમિતા પણ તેના પ્રત્યે આકર્ષાય છે. બન્ને એકબીજા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે. થોડા સમય સુધી બધાથી છૂપા છૂપા મૂળે છે. પરંતુ આ વાત છુપી રહી શકતી નથી. અમિતાના વાલી આચાર્યને ફરિયાદ કરે છે. એ પછીનાં પ્રકરણોમાં સતીશના રાગભર્યા મનને વિતરાગ પ્રત્યે વળતું બતાવતી ઘટનાઓ નિરૂપાય છે. અઠ્ઠાવીસથી બાત્રીસ પ્રકરણમાં રાગમાંથી ત્યાગમાંપરિણમતા સતીશના આંતર-બાહ્ય વ્યક્તિત્વમાં આવતા પરિવર્તનને નિરૂપવામાં આવ્યું છે. અંતમાં સતીશ ભગતમાંથી સતીશાનંદ બનતા પૂર્વે કથા પારાયણમાં અમિતા સાથેની મુલાકાતનો પ્રસંગ આલેખાયો છે જે સમગ્ર નવલકથાનો ઉદ્દીપન વિભાવ બની રહે છે.

પ્રસ્તુત નવલકથામાં કેન્દ્રસ્થ પાત્ર સતીશ ભગતનું હોવા છતાં તેના આંતર-બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતાં કેટલાંક અન્ય પાત્રો પણ ધ્યાનાર્હ બની રહે છે. તેમનાં પ્રેમાળ માતા-પિતા સાથે જ પિતાના માસિયાઈ ભાઈ એવા મુંબઈવાસી નારણકાકા અને તેમના પત્ની કોકિલાબહેનની સૌજન્યતા અને ઉદારતા તથા સતીશ પ્રત્યેની વત્સલતા તેમના વ્યક્તિત્વના ઊજળા અંશોના સાક્ષી બની રહે છે. યુવતીનાં પાત્રોમાં કાલિંદી, રમા, ઉપા અને અમિતા છે. આ પાત્રોમાં કાલિંદી અને અમિતાના મુગ્ધ છતાં ગંભીર અને કરુણ વ્યક્તિત્વ ધ્યાન ખેંચે છે. સર્જકનું જીવન પ્રત્યેનું વાસ્તવવાદી દર્શન, આ પાત્રોની આલેખાયેલી જીવનઘટના દ્વારા પામી શકાય છે. સંવાદોમાં હળવાશ અને વ્યંગ્યાત્મકતા આસ્વાદ્ય છે :

"મામા, સ્ટોપ મોટા ન કરો, ગાડીને આગળ વધતી રાખો."

"લાગવગ સારી લાગે છે.''

નહાઈ લઈ અને છાપામાં નંબર નહિ આવે તો પાછા ન્હાશું."

"તમે ટ્રેઈન્ડ છો? કઈ બાબતમાં?"

"તેણે મારા બગાસાના જવાબમાં એક મોટું બગાસું ખાધું."

શૈલીમાં પણ હળવાશનો સાદ્યંત અનુભવ થાય છે:

"પટાવાળાને તે દિવસે મૌન વાર હતો કે શું તે તેણે માત્ર હાથ લંબાવી
મારા જવાની દિશા બતાવી."

'ઈન્ટરવ્યૂ આપવા આવેલા અમે સૌએ કેવળ અન્યોન્યનાં મુખારવિંદ જોવાના વિનિમય સિવાય શબ્દોનો કશો જ વિનિમય કર્યો નહોતો."

"શાળાના કેટલાંક કાર્યકુશળ વિદ્યાર્થીઓએ મોડર્ન આર્ટના જાતજાતના આકારો ભીંત પર દોર્યા હતા. એક ચતુષ્કોણમાં ત્રિકોણ દોરેલો હતો અને ત્રિકોણના ત્રણ છેડે નાના અક્ષરે લખ્યું હતું : 'રમેશ, નીલા, અનિલ.' આ શાળાના વિદ્યાર્થીઓ પ્રગતિશીલ માનસ ધરાવતા હોવાનો આથી મને ખ્યાલ આવ્યો."

"પ્રથમ પ્રેમપત્રનું પરિણામ ઘણું વિપરીત આવ્યું હતું અને તેને લીધે થોડો વખત સુધી તો 'પ્રેમ' શબ્દને મારા જીવનમાંથી અદશ્ય થઈ જવું પડયું હતું."

"શું કોઈ જ તારી પરીક્ષામાં પાસ નથી થતી ? થોડી છૂટથી માર્ક આપવાનું રાખને !" (લગ્ન પસંદગીમાં)

"એટલે તમે ઘોડે ચડીને આવ્યા છો એમ કહો ને! ઘોડે ચઢાવવાની વાત તો છે જ ને !"

ચાલીસ વર્ષ પૂર્વે પણ શિક્ષણને કેવો વ્યવસાય બનાવી દેવામાં આવ્યો હતો અને શિક્ષકોનું કેવી રીતે શોષણ થતું તેનો સંકેત ઈન્ટરવ્યૂ આપતા સતીશ ભગતના અનુભવના આલેખન દ્વારા કરવામાં આવ્યો છે.

"બાપા જીવતા હતા ત્યારે તેઓ જ નિશાળના હેડમાસ્તર અને માલિક હતા. તેઓ જીવતા હતા ત્યારે હું એક જ પીરિયડ અહીં ભણાવવા આવતો અને બાકીના સમયમાં શેરબજારમાં જતો. બાપા મરી ગયા. નિશાળનો ધંધો મને શેરબજારના ધંધા કરતાં સારો લાગ્યો એટલે મેં શેરબજાર છોડ્યું અને બાપની ગાદીએ બેઠો."

"તમારા હાથમાં આવતી રકમ અને પગારપત્રક ઉપરની રકમમાં થોડો તફાવત રહેશે."

"આ નિશાળમાં જોડાઈ જવા જવું છે, સાહેબ. અહીં છોકરાઓ ભણવા નથી આવતા એટલે તમને મઝા આવશે."

"વિષય સરસ શીખવો કે ખરાબ તેની સાથે અમારે નિસબત નથી. નિયમ પ્રમાણે તમે ટ્રેઈન્ડ હોવા જોઈએ."

શૈલીમાં પ્રયોજાયેલી ભાષા આસ્વાદ્ય છે તેનું મુખ્ય કારણ વ્યવહાર જીવનમાં બોલાતા-સંભળાતા લહેકાઓ અને ભાષાપ્રયોગ છે. 'કાંદા ન કાઢવા', 'ઊડીને આંખે વળગવું','આંખ ખુલ્લી જવી', 'સગે કાન સાંભળવું', 'દાણો દબાવી જોવો', 'પલાળ્યું છે તો મુંડાવવાનું', 'કોઠે પડી જવું', 'હૈયું મલકી ઊઠવું'. મરાઠી ભાષાનો પ્રયોગ પણ સંવાદમાં જોવા મળે છે – 'લક્ષ્મી દેખી મુનિવર ચળે' જેવા યથાસ્થાન થયેલા ભાષાપ્રયોગ, ગુજરાતી કવિઓની કાવ્ય-પંક્તિઓના યોગ્ય સ્થાને કરેલા ઉપયોગો પાત્રના માનસમાં ચાલતા ભાવને વ્યંજિત કરવામાં સમર્થ નીવડે છે.

એક સાધુ પોતાના પૂર્વાશ્રમની ઘટનાઓનું પુનઃસ્મરણ કરીને વેદનામાંથી મુક્તિ મેળવવાના આશયથી પોતાની આ વ્યથાકથા લખે છે, પરંતુ એમની 'વેદનામુક્તિ'ની આ રીત વાચક માટે પ્રસન્નતાનો અનુભવ કરાવનારી નીવડે છે. તેનો બધો યશ સર્જક શ્રી શાંતિલાલ મેરાઈને ફાળે જાય છે.

**સંદર્ભ:** 'કથા સતીશાનંદની' : શાંતિલાલ મેરાઈ, પ્રકાશક : પોતે, આવૃત્તિ : ૨૦૦૪, કિંમત : ૭૫-૦૦